ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

નડિયાદનું સિવિક સેન્ટર મામલે મનપાએ બાફ્યું | માત્ર જન્મના દાખલો લેવાની વ્યવસ્થા કરાઇ

નડિયાદમાં સિવિક સેન્ટરમાં દાખલો મળશે, નાણા ભરવા મનપા ધક્કો !

મનપા દ્વારા ઉતાવળે શરૂ કરાયેલા સિવિક સેન્ટરમાં જન્મના દાખલા માટે નાણાં ભરવાની વ્યવસ્થા ઉભી કરવાનું ભુલાયું (પેટા)

(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

નડિયાદ મહાનગરપાલિકા તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. આ ઉતાવળે શરૂ કરાયેલા સિવિક સેન્ટરમાં જન્મના દાખલા માટે ફોર્મથી માંડી ફી ભરવાની કોઈ વ્યવસ્થા ઉભી કરાઈ નથી. માત્ર ફોર્મ ભર્યા બાદ દાખલો જ સિવિક સેન્ટરથી અપાય છે. જેથી નાગરીકોને એક જ કામ કરાવવા માટે બે સ્થાને ધક્કા ખાવાનો વખત આવ્યો છે.

નડિયાદ મહાનગરપાલિકા કચેરી દ્વારા ડિસેમ્બર, 2024ના અંતમાં સિવિક સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ. આ સિવિક સેન્ટર ખોલ્યા બાદ ત્યાં પ્રાથમિક સુવિધાઓ સંદર્ભની સમસ્યાઓની ફરીયાદ લેવાતી હતી, ઉપરાંત પાણી અને ગટર કનેક્શનના ફોર્મ ભરવાની સુવિધા ઉભી કરાઈ છે. જો કે, સૌથી મહત્વની ગણાતી સેવાઓ પૈકીની જન્મ-મરણના દાખલા સંદર્ભે મનપા પ્રશાસને કોઈ ચોક્કસ સુવિધા ઉભી કરી નથી. અરજદારો જન્મના દાખલા માટે સિવિસ સેન્ટર ખાતે જઈ રહ્યા છે, જ્યાંથી તેમને ફોર્મ લેવા અને ફોર્મ ભરીને જમા કરવા માટે મનપા કચેરીએ જવા માટે જણાવાય છે. તે બાદ આ જન્મ-મરણના દાખલા સબંધિત ફી પણ માત્ર મનપા કચેરીમાં જ ભરી શકાય છે. તે બાદ માત્ર દાખલો લેવા માટે સિવિક સેન્ટર જવા માટે જણાવી દેવાય છે. ત્યારે અરજદારોને એક જ કામ કરવા માટે મનપા અને સિવિક સેન્ટર એમ બે સ્થાને જવાની ફરજ પડે છે. ખાસ કરીને સિવિક સેન્ટર ઉભુ કરવા પાછળ જે-તે સમયે તંત્રનો હેતુ એમ હતો કે, નડિયાદ પૂર્વના મનપાથી દૂર આવેલા વિસ્તારના લોકોને અત્રે તમામ સુવિધાઓ ઉપ્લબ્ધ કરાવી શકાય. પરંતુ જન્મ-મરણના ફોર્મ લેવા સહિત નાણાં જમા કરાવવા માટેની કોઈ વ્યવસ્થા ન કરાતા લોકો માટે પરીસ્થિતિ જૈસે થે જેવી જ છે. મનપા પ્રશાસન દ્વારા તત્કાલ જન્મ-મરણના દાખલાની સંપૂર્ણ પ્રક્રિયા સિવિક સેન્ટર ખાતે થઈ શકે, તેવી વ્યવસ્થા ઉભી કરવાની તાતી જરૂર ઉભી થઈ છે.

ગ્રામ્ય સિવિક સેન્ટરમાં નાણાં ભરાય છે

નડિયાદમાં શામેલ કરાયેલા 10 ગામોમાં જે-તે ગ્રામ પંચાયતમાં જ સિવિક સેન્ટર ખોલાયુ છે. જ્યાં આ સિવિક સેન્ટરમાં તમામ સુવિધા ઉપ્લબ્ધ છે. જન્મના દાખલા માટેની તમામ પ્રક્રિયા સિવિક સેન્ટર ખાતેથી જ થઈ જાય છે. તેવા સંજોગોમાં શહેરમાં નવા શરૂ કરાયેલા સિવિક સેન્ટરમાં આ સુવિધા ઉપ્લબ્ધ કરાય તેવી માંગણી ઉઠી છે.

આણંદના રાજુપુરા પાસે મામલતદારે ગેરકાયદે રેતી ખનન પકડ્યું

આણંદ જિલ્લાના ખાણ - ખનિજ વિભાગનો ભ્રષ્ટાચાર વડોદરામાં થયેલી એસીબી ટ્રેપમાં બહાર આવે તેવી શક્યતા છે. પરંતુ આ એસીબીના આગલા દિવસે આણંદ મામલતદારે રાજુપુરા ગામની હદમાં દરોડો પાડી ગેરકાયદેસર રીતે ચાલતા રેતી ખનની પ્રવૃત્તિ પકડી પાડી હતી. આ દરોડામાં મામલતદારે 5 યાંત્રિક નાવડી, 3 ડમ્પર, એક એક્સવેટર મશીન સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પરંતુ છેલ્લા બે દાયકાથી તંત્રની જ રહેમનજર હેઠળ રેતી ખનનની પ્રવૃત્તિ કુલી ફાલી છે. **તસવીર : ફ્રાન્સિસ મેકવાન**

કડાણામાં ₹ 2.59 લાખનો દારૂ ભરેલી ગાડી પકડાઈ

છોટા હાથીમાં અશ્વની આડમાં વિદેશી દારૂ લઇ જવાતો હતો

(પ્રતિનિધિ) કડાણા તા.13

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના પુનાવાડાથી ડીટવાસ વચ્ચેના રસ્તા પર પોલીસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ ગાડીને રોકવા ઈશારો કરતાં ચાલકે વચ્ચે જ ગાડી મુકી અંધારામાં ભાગી ગયો હતો.

મહિસાગર લોકલ ક્રાઇમ બ્રાંચની ટીમના હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ રમણભાઈને બાતમી મળી હતી કે, સફેદ કલરની છોટા હાથી ગાડીમાં એક ઘોડાની આડમાં વિદેશી દારૂ ભરી પુનાવાડાથી ડીટવાસ તરફ જનાર છે. આ બાતમી આધારે ટીમ બનાવી 12મીની રાત્રે ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન છોટા હાથી આવતા તેને રોકવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ ચાલકે વાહન ઉભુ રાખ્યા વગર જ ડીટવાસ તરફ ભગાડ્યું હતું. આથી, એલસીબીની ટીમે પીછો કર્યો હતો. આ દરમિયાન ચાલકે કરવાઇ ગામના ડામર પ્લાન્ટની નજીક ઢાળ પાસે ગાડી ઉભી રાખી અંધારાનો લાભ લઇ ભાગી ગયો હતો. આથી, પોલીસે ગાડીનો કબજો લીધો હતો. જેમાં પાછળ બાંધેલા ખાટલો ઉતારી જોતા સફેદ કલરનો અશ્વ મળી આવ્યો હતો. જ્યારે વિદેશી દારૂની પેટી ગોઠવેલી હતી. આ ગાડીને પોલીસ મથકે લાવી ગણતરી કરતા વિવિધ બ્રાન્ડની 864 બોટલ કિંમત રૂ.2,59,920 મળી આવી હતી. આથી, પોલીસે વિદેશી દારૂ, છોટા હાથી, અશ્વ મળી કુલ રૂ. 5.70 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

માલીકની જાણ બહાર જ ભણતા ન હોય તેવા વિદ્યાર્થીને સર્ટીફિકેટ આપ્યાં હતાં

વિદ્યાનગરમાં બોગસ સર્ટીફિકેટ ઈશ્યુ કરનારી યુવતી પકડાઈ

લુકઆઉટ નોટિસથી દોઢ વર્ષે એરપોર્ટ પરથી પકડાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદના વિદ્યાનગર ખાતે આવેલી નાઇસ ઈન્સ્ટીટ્યુટમાં અભ્યાસ ન કરતાં હોય તેવા વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ ઈશ્યુ કરવાનું કૌભાંડ બહાર આવ્યું છે. આ કૌભાંડમાં ઈન્સ્ટીટ્યુટની મહિલા કર્મચારીની સંડોવણી ખુલી હતી. જોકે, તે વિદેશ ભાગી ગઇ હતી. જેને એરપોર્ટ પરથી પકડી પાડી હતી.

આણંદના મોગરી ગામમાં રહેતા પ્રણવભાઈ પ્રવિણભાઈ પટેલ નાઇસ કોમ્પ્યુટર એજ્યુકેશન નામની ઈન્સ્ટીટ્યુટ વિદ્યાનગર નાના બજારમાં ભાગીદારીમાં ચલાવતા હતાં.. તેઓએ 2019માં પેરામેડિકલ કોર્સ શરૂ કર્યો હતો અને નાઇસ પેરા મેડિકલ કોર્સમાં જનની થંબીદુરાઇ યાદવ (રહે. આદિત્યા હાર્મોની, કરમસદ)ને નોકરી પર રાખી હતી. જોકે, પ્રવણ પટેલને ખબર પડી કે જનની યાદવે નાઇસ ઈન્સ્ટીટ્યુટમાં અભ્યાસ ન કર્યો હોય તેમજ કંપનીમાં નોકરી ન કરેલી હોય તેવા વિદ્યાર્થી અને કર્મચારીને પણ બોગસ સર્ટીફિકેટ નાઇસ ઈન્સ્ટીટ્યુટના નામના બનાવી દીધાં છે. આ ઉપરાંત અનુભવ સર્ટીફિકેટ પણ આપ્યાં છે. જેની મદદથી અનેક લોકોએ વિદેશ પણ ઉપડી ગયાં છે. આ બોગસ સર્ટીફિકેટમાં મોટી રકમ પડાવી હોવાનું પણ પ્રવણ પટેલને ધ્યાને આવ્યું હતું. આથી, જનની યાદવને તાત્કાલીક છુટા કરી દીધાં હતાં. બાદમાં જનની થંબીદુરાઇ યાદવે ટ્રાઇમ્પ ઈન્સ્ટીટ્યુટ શરૂ કરી હતી. જેમાં જનની યાદવે રજુ કરેલો જીએસટી નંબર પ્રણવ પટેલની ચાચાસ પ્રોડક્ટ નામની કંપનીનો હતો. આ ઉપરાંત પ્રણવ પટેલના મોબાઇલ નંબરનો પણ દુરૂપયોગ કરતાં હતાં. તેઓ ત્યાં પણ વિદ્યાર્થીઓને ભણેલ ના હોવા છતાં સર્ટીફિકેટ અને અનુભવના સર્ટી આપતાં હતાં. આમ, સરકારને જીએસટી ન ભરી છેતરપિંડી કરી હતી. આ અંગે વિદ્યાનગર પોલીસે જનની થંબીદુરાઇ યાદવ (રહે. આદિત્યા હાર્મોની, કરમસદ) સામે ડિસેમ્બર - 2023માં ગુનો નોંધ્યો હતો.

અલબત્ત, જનની થંબીદુરાઇ યાદવ લંડન ભાગી ગઇ હતી. આથી, પોલીસે લુકઆઉટ નોટીસ જાહેર કરી હતી. જેના પગલે અમદાવાદ એરપોર્ટ પર ઉતરતાં જ તેને પકડી વિદ્યાનગર પોલીસને હવાલે કરી હતી. આ અંગે વિદ્યાનગર પોલીસે તેની વધુ પુછપરછ માટે 17મી મે સુધીના રિમાન્ડ મેળવ્યાં છે.

બોરસદમાં પ્રમાણપત્રો મેળવવા પડતી મુશ્કેલી

અગત્યના પ્રમાણપત્રો ના મળી શકતા વિદ્યાર્થીઓ હેરાન પરેશાન

(પ્રતિનિધિ) બોરસદ તા 13

રાજ્ય સરકાર દ્વારા છેવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં ઈ-ધરા યોજના અમલી બનાવીને પંચાયત હસ્તકની ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર અને ઈન્ટરનેટ જોડાણ જેવી સુવિધા ઘર આંગણે જ મળે તેવી કરવામાં આવી હતી. જેમાં ગ્રામ્ય ખેડૂતોને ગામના પાદર સ્થિત કચેરીથી જ 7-12, 8(અ)ની નકલો મળી રહે તેવું આયોજન કરાયું હતું, પરંતુ આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના વિવિધ ગામોમાં સદર યોજના છેલ્લા ઘણા સમયથી બિન ઉપયોગી બનતાં ગ્રામ્ય પ્રજાની હાલત કફોડી બનવા પામી છે. ઉપરાત હાલમાં જ ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાના પરિણામ જાહેર થવા સમયે જ અગત્યના પુરાવાના ના મળી શકતા વિદ્યાર્થીઓ પણ ભારે પરેશાની વેઠી રહેલ છે

બોરસદ તાલુકાના કુલ 65 પૈકી માત્ર ગણ્યાગાંઠ્યા ગામોને જ ઈન્ટરનેટ જોડાણની સુવિધા મળવા પામી છે, જયારે બાકીના ગ્રામ્ય વિસ્તારોમાં હાલ કોમ્પ્યુટર, પ્રિન્ટર માત્ર શોભાના ગાંઠીયા સમાન બનીને રહેવા પામી છે. બોર્ડની પરીક્ષાના પરિણામ બાદ જે તે વિધાર્થી કે વાલીઓને કેટલાક દાખલા મેળવવા વિવિધ નકલોની જરૂર પડતી હોય હાલ બોરસદ સ્થિત તાલુકા મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત બોરસદનો ધરમધક્કો ખાવો પડી રહ્યો છે.

ઉમરેઠમાં આવેલી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના શાખા મેનેજરની ગોલમાલ બહાર આવી

ઉમરેઠમાં કેડીસીસી બેન્કના મેનેજર પશુપાલકોના નાણા ચાઉં કરી ગયાં

બોગસ દસ્તાવેજ બનાવી છ લાખનું ધિરાણ મેળવ્યું

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.13

ઉમરેઠ ખાતે આવેલી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના સસ્પેન્ડ થયેલાં શાખાના મેનેજરની અનેક ગોલમાલ બહાર આવી છે.

ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના સીઇઓ અરવિંદભાઈ ઠક્કરે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ઉમરેઠ સ્થિત ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની શાખાના મેનેજર તરીકે કમલેશ મનુભાઈ પુરોહિત (રહે. ચિત્રકુટ રેસીડન્સી, આણંદ)ને ફરજ મોકુફ કરવામાં આવ્યા છે. શીલીયાપુરાના અરવિંદ રમણભાઈ ઠાકોરે 1લી જાન્યુઆરી,2025ના રોજ અરજી આપી જણાવ્યું હતું કે, ઉમરેઠ શાખાના મેનેજર કમલેશ મનુભાઈ પુરોહિત 3 ટકા વ્યાજે નાણા ધીરે છે. તેમની પાસેથી મેં 2016ના અરસામાં રૂ.નવ લાખ 3 ટકા વ્યાજે લીધાં હતાં. જે પેટે તેમણે ચારથી પાંચ ચેક કોરા સહીવાળા આપ્યાં હતાં. આ ઉપરાંત શીલીયાપુરા દૂધ મંડળીનો ચેક પણ સિક્યોરીટી પેટે આપ્યો હતો. પરંતુ દોઢ લાખ બાકી પડતાં 1લી ઓગષ્ટ, 2018ના રોજ કમલેશે સિક્યુરીટી પેટે પોતાની પાસે રહેલો શીલીયાપુરા દૂધ મંડળીના ચેકમાં રૂ.11.30 લાખની રકમ ભરીને ગીરીરાજ ટ્રેડીંગ કંપનીમાં જમા કરાવી દીધો હતો. આથી, દૂધ મંડળીના સભાસદોને રૂ.11.30 લાખ ચુકવી શકાયાં નહતાં.

ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકે આ અંગે તપાસ હાથ ધરી હતી. જેમાં કમલેશ મનુ પુરોહિતે શીલીયાપુરા દૂધ મંડળીના બોનસની 43 લાખમાંથી 11.30 લાખ ગીરીરાજ ટ્રેડીગ કંપનીમાં જમા કરાવ્યો હતો. આ રકમ જમા થતાં તે જ દિવસે સોમા ઐતારામ પટેલે પુરેપુરી રકમ ઠાસરા શાખાના ઉષાબહેન મનુભાઇ પુરોહિત અને કમલેશ મનુ પુરોહિતના સંયુક્ત બચત ખાતનામાં રૂ.5.84 લાખ જમા કરી દીધાં હતાં.

આ ઉપરાંત વધુ તપાસ કરતાં નડિયાદ શાખાના મેનેજર તરીકેના કાર્યકાળ દરમિયાન કમલેશે 22મી જૂન, 2016ના રોજ દૂધાળા ઢોરની ખરીદી માટે રૂ.છ લાખનું ધિરાણ લીધું હતું. તેમાં પણ દૂધ મંડળીના સંચાલકો અને ગેરેન્ટેડની બોગસ સહીઓ કરી હતી. આમ, કમલેશ મનુ પુરોહિતે ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની ઉમરેઠ શાખામાં ફરજ દરમિયાન ચેકનો દુરૂપયોગ કરતાં દૂધ મંડળીના સભાસદોને નાણા ચુકવી શકાયાં નહતાં. જેથી મંડળીને રૂ.68,02,292નું નુકશાન થયું હતું. આ ઉપરાંત બોગસ ડોક્યુમેન્ટથી છ લાખની લોન લીધી હતી. આ અંગે ઉમરેઠ પોલીસે કમલેશ મનુ પુરોહિત સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આણંદમાં વાદળછાયા વાતાવરણથી બફારો

(પ્રતિનિધિ) આણંદ તા 13

આણંદ સહિત જિલ્લામાં ત્રણેક દિવસથી બપોર સુધી વાદળછાયું વાતાવરણ રહ્યું છે. જેના કારણે બફારો વધ્યો હતો. જોકે વાદળછાયું વાતાવરણ રહેતુ હોવાથી ગરમીથી આંશિક રાહત મળી હતી. ગત સપ્તાહે માવઠાં અગાઉ એકાએક ગરમીનો પારો 40 ડિગ્રી સેલ્સિયસ આસપાસ પહોંચતા કાળઝાળ ગરમી અનુભવાઈ હતી. દરમ્યાન 5 મેથી 9 મે ચાર દિવસ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને માવઠાં જેવો માહોલ છવાતાં ખાસ કરીને ખેડૂતોમાં પુનઃ ચિંતા વ્યાપી હતી. જિલ્લામાં મહતમ તાપમાનનો પારો 36 ડિગ્રી, ભેજનું પ્રમાણ 81 ટકા અને લઘુત્તમ પાત્ર 27.5 ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે. જો કે પવનની ગતિ 4.5 કિ.મી. પ્રતિ કલાક રહી હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમા તાપમાનનો પારો 40 ડિગ્રીની અંદર રહેશે.

આણંદમાં કમોસમી વરસાદથી ખેતીપાક નુકશાનીનો સર્વે શરૂ

ખેડૂતો દ્વારા જણ કર્યા મુજબ સ્થળ ઉપર જઈ ગ્રામ સેવકો ધ્વારા સર્વે

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદ જિલ્લમાં તા.5થી 9 મે સુધી પડેલ કમોસમી વરસાદથી ખેતીપાકોને થયેલ નુકસાનીનો સર્વે શરૂ કરાયો છે અને ખેડૂતો દ્વારા જણ કર્યા મુજબ સ્થળ ઉપર જઈ ગ્રામ સેવકો સર્વે કરી રહ્યા છે. સર્વે કામગીરી ખેતીવાડી વિભાગ આણંદ ધ્વારા કરવામાં આવેલ છે.

સમગ્ર જીલ્લામાં વૈશાખ માસમાં અષાઢી માહોલ સતત ચાર પાંચ દિવસ સુધી જોવા મળ્યો હતો. તા. 5મી સાંજે પવનના સુસવાટા સાથે જીલ્લાભરમાં વરસાદ તૂટી પડ્યો હતો અને ત્યારબાદ સતત ત્રણ દિવસ સુધી વિવિધ વિસ્તારોમાં છૂટા છવાયા ઝાપટાં પડ્યા હતાં. તેના કારણે ઉનાળુ ખેતી પાકોને વ્યાપક પ્રમાણમાં નુકસાન થવા પામ્યુ હતું. ઉનાળાની ઋતુમાં ઉનાળુ ડાંગર અને ઉનાળુ બાજરીની ખેતી આણંદ જિલ્લામાં મોટા પ્રમાણમાં થાય છે. મોટાભાગના વિસ્તારોમાં બાજરી અને ડાંગરનો પાક ખેડુતોની મહેનતથી તૈયાર થઈ ગયો હતો. તેવા સમયે જ એકાએક જ કમોસમી વરસાદ પડતા બન્ને ખેતી પાકોને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું હોવાની પરિસ્થિતિ સર્જાવા પામી છે. જેના પગલે સરકાર દ્વારા વિવિધ ખેતી પાક નુકસાનીનો સર્વે હાથ ધરાયો છે. આણંદ જિલ્લા ખેતીવાડી વિભાગના જણાવ્યા મુજબ આણંદ જિલ્લામાં મુખ્યત્વે ઉનાળુ બાજરી અને ઉનાળુ ડાંગરના ખેતીપાકને નુકસાન થયું છે અને ક્યાંક ક્યાંક તમાકુના પાકને નુકસાન થયું છે. ખેડૂતો દ્વારા ગ્રામસેવકને જાણી કરાઈ રહી છે . તે મુજબ ચારેક દિવસથી આણંદ જિલ્લામાં ખેતીપાકને થયેલ નુકસાનની સર્વેની કામગીરી હાથ ધરાઈ છે. સર્વે લગભગ આગામી એક સપ્તાહ ચાલશે ત્યારબાદ આણંદ જિલ્લામાં કમોસમી વરસાદથી ખેતી પાકને કેટલુ નુકસાન થયું છે તેનો અંદાજ મળશે.

કપડવંજ શહેરમાં એક હજાર વર્ષ પછી ઇતિહાસ જાગૃત થશે

ગુર્જરધરાના સ્વામી સિદ્ધરાજસિંહના રાજમાં 32 કોઠા વાવ અને કીર્તિ તોરણ બંધાવવામાં આવ્યાં હતાં

(પ્રતિનિધિ) કપડવંજ તા.13

ગુજરાતની રાજધાની જ્યારે પાટણ હતી અને ગુર્જરધરાના સ્વામી સિધ્ધરાજ જયસિંહ હતા. ગુજરાતમાં અનેક સ્થાપત્યો અસ્તિત્વમાં આવ્યા જેમાંના બે સ્થાપત્યો કપડવંજમાં અસ્તિત્વ ધરાવે છે. આશરે એક હજાર વર્ષ પૂર્વે બંધાયેલા બે સ્થાપત્યો જેમાં 32 કોઠા વાવ અને કીર્તિ તોરણનો સમાવેશ થાય છે. તેમાંના એક કુંડવાઓમાં આવેલ કીર્તિ તોરણ પુરાતત્વ ખાતા દ્વારા ઉતારી લેવામાં આવ્યું છે. જેને નવેસરથી ઊભું કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ હેરિટેજ સ્થાપત્ય 15 ડિગ્રી જેટલું નમી ગયું હતું. તેમ જણાતા તેની મરામતનો નિર્ણય લેવાયો હતો. જેની અમલવારી શરૂ કરી દેવામાં આવી છે. સેપ્ટ એડવાઈઝરી ફાઉન્ડેશન અને સેન્ટર ફોર હેરિટેજ કન્વર્ઝેશનના ઉપક્રમે આ કીર્તિ તોરણને ઘણી સિફતથી છૂટું પાડી નીચે ઉતારી દેવામાં આવ્યું છે અને તેની પૂર્ણ મરમ્મત પછી જુના કાળના બાંધકામ સમયે વપરાતા મટીરીયલથી જ પુનઃ તેને ઊભું કરવામાં આવશે તેમ જાણવા મળે છે. જેને કારણે તેની અસલ ઓળખમાં કોઈ જ અવરોધ આવશે નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા વર્ષો પહેલા કપડવંજ કેળવણી મંડળ અને અતુલ્ય વારસો સાચવતા હેરિટેજ સંસ્થાએ સંયુક્ત કામ કરી નગરમાં હેરિટેજ વોકનું નિર્માણ કર્યું હતું ત્યારથી આ કળાનો બેનમૂન સ્થાપત્યની વિશેષ સાચવણીના શ્રી ગણેશ થશે તેમ જણાતું હતું. પ્રજા ઇચ્છી રહી છે કે આ જ પ્રમાણેનું કામ 32 કોઠા વાવને સાચવવામાં થાય તે પણ ખૂબ જ જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સિધ્ધરાજ જયસિંહના સમયમાં સિદ્ધપુરમાં રુદ્રમહાલય, પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ, કપડવંજનું તોરણ, ડભોઇ અને ઝીંઝુવાડીયાના કિલ્લાઓ અસ્તિત્વમાં આવ્યાં હતાં.

તસવીરઃ હરિશ જોષી

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225